

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

પર્યાવરણ માટે વિશ્વમાં બધે જગાડી દીધા !
સુસ્ત લોકોને ચૂસ્ત કરીને ધંધે લગાડી દીધા !
ભગાડી દીધા રોગોના રાક્ષસ, સ્વચ્છતા ઝૂંબેશે -
નવી દિશા દેખાડી સુખનાં દ્વાર ઉઘાડી દીધાં

### હાઈકુ

લ્યો ઈન્ડિયાને
નવા આઈડિયા આપી
રાખે દોડતા !
(ભરાવ્યો પ્લગ)

લાગ જોઈને
બધી દેવીઓ પણ -
દબાવે નાક !
(કરો ભક્તિ, રાખો માનતા)

### ચિંતન

આત્મા એવ ઈદં જગત્ સર્વ જ્ઞાતં યેન મહાત્માના ।
યદૃચ્છયા વર્તમાનં તં નિષેદ્ધું ક્ષમેત્ કઃ ॥

ઉપરોક્ત શ્લોક આત્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે મહાત્માએ આ સર્વ જગત આત્મસ્વરુપ છે એમ જાણ્યું છે, તેમને પછી પોતાની ઈચ્છા મુજબ, સહજપણે, વર્તન કરતાં કોણ રોકી શકે ? એને દુનિયાના કોઈ નીતિ-નિયમો નડે ખરાં ? નહીં જ. એનો અર્થ એ નહીં કે એ રાજ્યના કાયદા-કાનૂન ન વર્તે, સમાજનાં પ્રસ્થાપિત નીતિ-નિયમોને અવગણે. એમ તો એ પણ અન્યની માફક જ બધા કાયદા અને નિયમોની મર્યાદામાં જ રહે. પરંતુ ખાસ કરીને સામાજિક નીતિ-નિયમોથી એ અન્ય જનસામાન્યની માફક બંધાયેલો ન રહે.

બીજી રીતે કહીએ તો એને લોકો શું કહેશે ? એની કે સામાજિક નિયમોની મર્યાદાની કોઈ પરવા હોતી નથી. એ તો એનામાં જ મસ્ત રહે છે. ને જરૂર પડ્યે સમાજમાં નીતિ-નિયમોને નેવે મૂકી દે છે. એને બહારનાની શિસ્તની જરૂર નથી, સ્વયંશિસ્ત જ એના માટે પૂરતી છે.

### સુવિચાર

- જીવનમાં સફળ કેમ થવું તેનું રહસ્ય જેઓ હજી સફળ થયા નથી તેઓ જ જાણે છે - **કોલિન્સ**
- ગર્જના કરવાથી અહંકાર ન તૂટે - **ચિત્રભાનુ**
- જો જીવન સાધના પૈસો છે, તો પૈસાનું સાધન પ્રામાણિક ધંધો છે એ કદી ન ભૂલવું જોઈએ - **અમૃતબિંદુ**
- ઈશ્વરમાં રૂચિ રાખનાર કદાપિ વિનાશ ને અથવા દુર્ગતિને પામતો નથી, અંતે એની ઊંચી ગતિ થાય છે - **શ્રીજી મહારાજ**
- માણસ પાસે વૃત્તિ હોય અને પ્રવૃત્તિ ન હોય તો ઉત્કર્ષ સંભવ નથી - **મોરારિ બાપુ**
- જ્ઞાનમાં મુદ્રા હોય, ભક્તિમાં મુદ્રિકા હોય અને કર્મમાં મૃદુતા હોય - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : પેટના કૃમિ થયા હોય તો સરગવાના મૂળનો ઉકાળો મધ નાખીને પીવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પોતાની જાતનો શણગાર કરવાની જગ્યાએ સમાજને સુધારવાનું કામ મનુષ્યને માનવતા અર્પે છે અને એવી માનવતાથી ભરેલો સમાજ એક સુસંસ્કૃત રાષ્ટ્રની પરિકલ્પનાને સાકાર કરે છે. બંગાળના નાના એવા ગામમાં માતા પતાના પુત્રને ઉછેરી રહીહતી. માતા અત્યંત સાદગીથી રહેતા પણ તેમના વિચારો ખૂબ જ ઉચ્ચ રહેતા. તે પોતાના પુત્રને પણ આવાજ ઉત્તમ સંસ્કારો આપતી હતી. પુત્ર પણ ખૂબ માયાળુ અને આજ્ઞાકારી હતો. તે પોતાના ઉછેર માટે માતાએ જે મહેનત અને મુશ્કલી વેઠી છે તેનાથી સંપૂર્ણ વાકેફ હતો. તેના મનમાં એક ઈચ્છા રહેતી કે મોટા થયા પછી તે માતાને ખૂબ સુખી કરશે અને ખૂબ સેવા કરશે. એક દિવસ પુત્રએ માતાને કહ્યું, 'આપની પાસે એક પણ ઘરેણું નથી. મારી ઈચ્છા છે કે આપના માટે કંઈક ઘરેણું બનાવડાવું.' માતાએ કહ્યું, 'બેટા, આપણા ગામમાં એક પણ સારી શાળા નથી, તો તું એક સારી શાળા બનાવ. એક દાવાખાનું બનાવી દે. અને ગરીબ બાળકો માટે રહેવા ખાવાની વ્યવસ્થા કરાવી દે. મારા માટે તો તે જ ઘરેણા સમાન છે.' માતાની વાત સાંભળી પુત્ર રડી પડ્યો. આ પુત્ર હતા 'પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર' અને માતા હતા 'ભગવતી દેવી.' વિદ્યાસાગર દ્વારા સ્થાપિત કરવામાં આવેલું વિશ્વવિદ્યાલય આજ પણ તે અમૂલ્ય ઘરેણાની કથા સંભળાવે છે.

# ગાંધી વિચારનું પુનરાવલોકન

**તંત્રીસ્થાનેથી...**

મોહનદાસ કરમચંદ ગાંધી જન્મ્યા ત્યારે સામાન્ય બાળકો જેવા જ એક કાઠિયાવાડી વણિક પરિવારના બાળક હતા. છેક દક્ષિણ આફ્રિકામાં અબ્દુલ્લા શેઠના આશ્રયે વકીલાત કરવા ગયા હતા ત્યાં સુધી એમનામાં રહેલી આસામાન્યતા પ્રગટ થઈ નહોતી. હા, વિલાયતમાં ભણવા ગયા ત્યારે માતા પૂતળીબાઈએ લેવડાવેલી ત્રણ પ્રતિજ્ઞાઓને ચુસ્તપણે વળગી રહ્યા તે એમના વ્યક્તિત્વમાં પડેલા ભવિષ્યના મહાત્માની એંધાણી જરૂર લાગે. જો કે એમને પોતાને તો એ સાવ જ મીડિયોકર માનીને જીવતા હતા પરંતુ પ્રયોગો તો ત્યાંથી જ શરૂ થઈ ગયા હતા. ગાંધીજી પણ જે ત્રણ વિભૂતિઓની અસર હતી એ પૈકી સૌથી વધારે શ્રીમદ્ રાજચંદ્રની હતી, છતાં એમનું તાર્કિક માનસ એમને ગુરુ તરીકે સ્વીકારી શક્યું નહોતું. રસ્કિન અને ટોલ્સ્ટોયના વિચારો અને જીવનશૈલીથી એ વિશેષ પ્રભાવિત હતા અને રસ્કિનના 'અન ટુ ધિસ લાસ્ટ'નો એમણે 'સર્વોદય' શીર્ષક હેઠળ અનુવાદ પણ કર્યો હતો. ગાંધીજીએ પૂર્વ અને પશ્ચિમમાંથી જે કંઈ ગ્રહણ કરવા યોગ્ય લાગ્યું તે સમજણપૂર્વક જીવનમાં ઉતાર્યું અને જીવ્યાં ત્યાં લગી શ્રીમદ્ ભગવદ્ ગીતા, બાઈબલ, કુરાન અને રામચરિત માનસ જેવા ધર્મગ્રંથો પોતાની પાસે જ રાખતા રહ્યા. પોતે જીવનને એક પ્રયોગશાળામાં ફેરવી દીધું અને એમાંથી જે સત્ય લાધ્યું તેને વળગી રહ્યા. જો કે એમની વિનમ્રતા દાદ માગી લે એ બરની હતી. સત્યના ઉપાસકે રજકણથી પણ નીચા રહી સાધના કરવાની છે, એ વાત એમને જાહેરમાં ગાઈવગાડીને કહી, એનું આચરણ કર્યું. ગાંધીજીએ સાહિત્યકલાના લલિત પાસા કરતાં જીવનલક્ષી સંદર્ભને જ પકડી રાખવામાં શ્રેય જોયું અને મુનશી જેવા કલાવાદીઓને જાહેરમાં ઠપકાર્યા. સાહિત્ય કે જેની અધ્યાત્મવાદી ગાંધીજીએ ઝાઝી સમજણ પણ નહોતી એમના નામે સાહિત્યમાં પણ 'ગાંધીયુગ' ચાલ્યો ! ગાંધીજીએ આપણા પ્રાચીન આધ્યાત્મિક વારસાને પચાવી જાણ્યો હતો. એ કબૂલે છે કે હું જે કંઈ કહેવા માંગુંછું તેમાં કશું મારું પોતાનું નથી. એ અગાઉ કહેવાઈ ચૂક્યું છે. પરંતુ પોતે 'સત્ય'ના ઉપાસક તરીકે એને આચરણમાં મૂકવા પ્રયાસ કર્યો અને એથી એમને જે જડ્યું તે વહેંચી દેવામાં એમણે જીવનની સાર્થકતા નિહાળી. એમને સત્ય અને અહિંસાના પ્રયોગો કર્યા અને અંગ્રેજ સત્તાને હથિયાર ઉપાડ્યા વગર ભારત છોડી જવા મજબૂર કરી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દીવેળાએ એમના રચનાત્મક કાર્યક્રમોને અમલમાં મૂકી એ મહાન વિભૂતિને અંજલી આપવાનો પ્રયાસ પ્રશંસનીય છે. સત્ય સાથે ઘણું બધું બદલાતું રહે છે પરંતુ શાશ્વત મૂલ્યો - સનાતન સત્ય બદલાતું નથી. ગાંધી સાર્ધ શતાબ્દીએ એમના સ્વપ્નનું ભારત તો આપણે નથી બનાવી શક્યા, પરંતુ આપણી માનવસહજ મર્યાદાઓ કબૂલીને એમને કલ્પેલા ગ્રામસ્વરાજ અને રાજરાજ્યના પાયાના સિદ્ધાંતો અપનાવીએ તોય ઘણું. ગાંધીજીને સ્વરાજ કરતાં પણ માનવીને સ્પર્શતી પાયાની બાબતો વધુ અગત્યની લાગતી રહી હતી. એમણે એથીસ્તો આખી જિંદગી હરિજન સેવામાં, ખાદી અને સફાઈ જેવા રચનાત્મક કાર્યક્રમો પાછળ ખર્ચી નાખી. પોતે સાંપ્રદાયિક સૌહાર્દના મુદ્દે શહીદી વહોરીને કેવડો મોટો સંદેશો મૂકયા ગયા ! એ સાચા વૈષ્ણવજન હતા.

# હવે સ્વચ્છતા અભિયાન ચલાવવાની કે સૂત્રોચ્છાર કરવાની જરૂર રહી નહીં...



**નવાં કલેવર**

નટવર હેડાઉ

૨જી ઓકટોબર ગાંધી જયંતિ હોવાથી રજાનો દિવસ હતો. અર્સ અને અંશુ સવાર સવારમાં પોતાના ઘરેથી નીકળી પડ્યા. તેમના હાથમાં સાવરણી અને કોદાળી જોઈને પાડોશી જગમોહન કાકાએ પૂછ્યું, 'છોકરા'ઓ સવાર સવારમાં કયાં જાવ છો ?'

અમે શેરીની સફાઈ કરવા નીકળ્યાં છીએ. સ્કૂલમાંથી શિક્ષિકા બહેને કહેલું છે કે અમારે શેરીને સ્વચ્છ બનાવવી અને સ્વચ્છતા અભિયાનની વાતથી સૌને વાકેફ કરવા તે માટે સૂત્રો, બોલવા, લખવા અને સૌને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવ્યું.

'પણ તમે બે આવડી મોટી શેરી ક્યારે વાળીને સાફ કરી રહેશો.' જગમોહન કાકાએ શંકા વ્યક્ત કરી.

'ના... ના... એવું નથી. અમારી સાથે શેરીના બીજાં છોકરા છોકરીઓ પણ જોડાવાના છે.'

તમે આઠ દસ છોકરાઓ મળી સો, દોઢસો ઘરની આ શેરીની ગંદી ગટરો, કઈ રીતે સાફ કરશો?' જગમોહન કાકાને વિશ્વાસ પડયો ન હતો.

'કેમ નહીં ?' અર્શે જવાબ આપ્યો.

અર્સ તો ઉત્સાહ જોઈ જગમોહન કાકાને કહ્યું તમારો નિશ્ચય બહુ મજબૂત છે, પણ તમે લોકો રજાને દિવસે જ સાફસફાઈ કરશો. બાકીના દિવસોમાં શાળાએ જવું પડશે કે નહીં ?' જો જો ને બે દિવસમાં ફરી કચરા અને ગંદકીના ઢગલા થઈ જશે.' જગમોહન કાકા સાચા હતા.

તમારી વાત સાચી છે. 'અંશુ બોલ્યો. અર્શનો પણ ઉત્સાહ પડી ભાંગ્યો. ત્યારે અર્શ અને અંસુને હતોસ્સાહ જોઈ જગમોહન બોલ્યા. 'બેટા, જો તમારો નિશ્ચય અડગ હોય તો નિરાશ થવાની જરૂર નથી, હું એક વાત કહું' 'કહો' ઉત્સુકતાથી અર્સે કહ્યું.

'બેટા, હું નિવૃત્ત શિક્ષક છું. શેરી-મહોલ્લાને વર્ષોથી જોતો આવ્યો છું. અહીંના લોકો ખુબ આળશુ છે. ગંદા અકેવા અને ગંદકીમાં રહેવા ટેવાયેલા છે. તેથી એક દિવસ સાફ સફાઈ કરશો તો શું કાયમ શેરી ચોખ્ખી રહેશે ?' જગમોહન બોલ્યા. 'ના' અર્સ બોલ્યો. ખરેખર તો પ્રદૂષણને કારણે રોજ વંટોળીયા સર્જાય છે.

ગંદકી પેદા કરે છે. શેરીના લોકોને ગંદકી ગમે છે. તેમને કોઈ અસર થતી નથી. તેથી આ ગંદી શેરી કહેવાય છે. હું તો કહું છું કે ગંદકીમાં રહો પણ ગંદા ન બનો તો શેરી સ્વચ્છ જોવા મળશે.' જગમોહન કાકાએ કહ્યું.

જગમોહન કાકાની અમુક વાતો અર્સ અને અંસુને સમજાઈ નહીં, તેમને પૂછ્યું. 'ગંદકીમાં રહો અને ગંદા ન બનો એટલે શું ?'

સીધી વાત છે. શેરી ગંદી રહે છે. તેથી આપણે ગંદા કહેવાઈએ છીએ. જો રોજ આપણે આપણી શેરી-આંગણા સાફ રાખીએ તો પછી ગંદા કેવી રીતે કહેવાઈશું ?' ગંદકીમાં રહો પણ ગંદા ન બનો તેનો અર્થ એવો કે મનમાંથી ગંદા રહેવાનો વિચાર કાઢી નાંખો.' જગમોહને ખુબ પ્રેમથી અર્સ અને અંસુને સમજાવ્યું.'

'સમજી ગયા' અર્સ અને અંસુ બોલ્યા.

'સારી વાત છે હવે તમે પોતપોતાની ઘેર જાવ, તમે બે અથવા આઠ દસ બાળકોની મહેનતથી શેરી સ્વચ્છ નહીં થાય. મનની ગંદકીને આપણે પહેલાં દૂર કરવી પડશે. સૌના દિલો-દિમાગમાં જાગૃતિ પેદા કરવી પડશે. તે પછી સ્વચ્છ શેરીની કલ્પના સાકાર થશે. બાકી એક દિવસ સાફસૂફી કરવાથી અરે સૂત્રોચ્ચાર કરવાથી કંઈ નહીં વળે.' જગમોહને સલાહ આપી.

તે સમયે તેમની સામે ઊભેલા અર્સ અને અંસુ એ મનમાં સંકલ્પ લીધો કે બંને આજે ઘર-શેરી અને ગટરો સાફ તો કરશે પણ સાથોસાથ જગમોહન કાકાની વાત સૌને સમજાવશે.


'સારું, આપણે સૌ આપણા ઘરે પાછા જઈએ.' અર્થે જગમોહન કાકાને કહ્યું અને ઘેર જતા રહ્યા.

બીજે દિવસે અર્સ અને અંસુએ તેમની શાળાના શિક્ષિકા બહેનને જગમોહનકાકાની વાત કહી. શેરી માટે આ સલાહ અણમોલ હતી. તેથી શાળાના શિક્ષિકા બહેને પણ હવે બધાં બાળકોને 'ગંદકીમાં રહો, પણ ગંદા ન બનો'નો પાઠ ભણાવવો શરૂ કર્યો.

બાળકોએ પોતાની આસપાસની શેરી - મહોલ્લામાં રહેતા કુટુંબોને આ વાત સમજાવી. તેથી બધા સફાઈ પ્રત્યે ધ્યાન આપવામાં લાગ્યા.

બે ત્રણ દિવસમાં શેરીના લોકો પોતપોતાના ઘર-આંગણા અને ગટરોની ગંદકી સાફ કરતા જોવા મળ્યા. ધીરે ધીરે ફક્ત શેરી જ નહીં આજુબાજુના બાગ બગીચા અને રમતનાં મેદાન પણ સ્વચ્છ દેખાવા લાગ્યા. હવે સ્વચ્છતા અભિયાન ચલાવવાની કે સૂત્રોચ્છાર કરવાની જરૂર રહી નહીં.

# સંબંધોને વિકસાવી અને ટકાવી રાખનારા શુભતત્વો



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

રાજસ્થાનના જયપુર શહેરમાં રહેતું સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતું એક કુટુંબ. એ કુટુંબનું એક બાળક 'મસ્ક્યુલર ડિસ્ટ્રોફી' નામની એક જીવલેણ બીમારીમાં સપડાઈ ગયું. તબિબ વિજ્ઞાન પ્રમાણે જે બાળકને આ બીમારી લાગુ પડી હોય તેનું વધુમાં વધુ આયુષ્ય અઢાર થી વીસ વર્ષનું જ હોય છે. એ બાળકને પણ એ વાતની જાણ હતી કે પોતાને આ પ્રકારની જીવલેણ બીમારી છે. એ બાળક હોંશીયાર હતો. ચતુર હતો. બુદ્ધીશાળી હતો. વાતચીત કરવાની એક આગવી શૈલી એ બાળકને હસ્તગત હતી અને 'સેન્સ ઓફ હ્યુમર' તો એટલી ગજબની હતી કે કોઈપણ વ્યક્તિને પહેલી જ મુલાકાતે એ પ્રભાવિત કરી દેતો.

એ બાળક હિન્દી ફિલ્મ ઉદ્યોગના એક પ્રખ્યાત અભિનેતાનો જબરો પ્રશંશક હતો. કહો કે તેનો આશિક હતો. એ અભિનેતાની કોઈપણ ફિલ્મ એવી ન હતી કે જે એ બાળકે નિહાળી ના હોય. એ બાળકની એક તીવ્ર ઈચ્છા હતી કે પોતે પોતાના એ પ્રિય અભિનેતાને એકવાર રૂબરૂ મળે. એ બાળકના મા-બાપને પણ પોતાના બાળકની એ ઈચ્છાની જાણ હતી. મા-બાપ એક અવઢવમાં અને મૂંઝવણમાં હતા કે એક વિખ્યાત મોટા ગજાના અભિનેતા એક સામાન્ય બાળકને રૂબરૂ મળે કે કેમ અને મળે તો ક્યાં અને કેવી રીતે મળી શકે. તેમાં યે એ અભિનેતા મૂંબઈમાં રહે અને પોતાનું કુટુંબ જયપુરમાં તો એ બધુ શક્ય એવી રીતે બને? પોતાના બાળકની જિંદગી ટૂંકી હતી અને તેની તીવ્ર ઈચ્છા હતી એટલે મા-બાપે પ્રયત્નો ચાલુ રાખ્યા. પરિણામ એ આવ્યું કે એક સ્વૈચ્છિક સંસ્થાની મદદ અને મધ્યસ્થી દ્વારા એ બાળક અને અભિનેતાની મુલાકાત શક્ય બની ગઈ.

બાળક અને તેના મા-બાપની જયપુરથી મુંબઈ આવવા જવાની અને મૂંબઈમાં રહેવા-ઉતરવાની વ્યવસ્થા પણ એ અભિનેતાએ કરી આપી. મુંબઈમાં અભિનેતાએ બાળકને પૂરતો સમય ફાળવીને મળ્યા. બાળકે પોતાના સ્વભાવ પ્રમાણે પહેલી જ મુલાકાતે એ અભિનેતાનું દિલ જીતી લીધું. એ અભિનેતા પણ બાળકના પ્રશંશક બની ગયા.

બન્નેની પ્રથમ મુલાકાત પછી એ બાળક અને અભિનેતાની ફોન દ્વારા વાતચીત થતી રહેતી. એ અભિનેતાની રજૂ થતી નવી ફિલ્મો, તેનો અભિનય અને તેના લૂક વિષે બાળક અભિનેતા સાથે ચર્ચા કરતો. અભિનેતાને પણ ક્યારેક જયપુર જવાનું થતું ત્યારે સમય કાઢીને એ બાળકને રૂબરૂ મળવાનો પ્રયત્ન કરતાં.

એ બાળકના જીવનના છેલ્લા દિવસોમાં જયારે તે હોસ્પીટલમાં હતો ત્યારે પણ એ અભિનેતા ફોન દ્વારા બાળક સાથે વાતચીત કરતાં. છેલ્લે જયારે બાળક બોલી પણ શકતો ન હતો ત્યારે અભિનેતા ફોન પર પ્રેરણાદાયીવાતો કરતાં અને આશ્વાસન આપતા કે પોતે બહુ જ વહેલી તકે જયપુર આવશે અને રૂબરૂ મળશે પણ ઈશ્વરને એ મંજૂર ન હતું. અભિનેતા અને બાળકની છેલ્લી મુલાકાત ન થઈ શકી. અભિનેતા જયપૂર આવે એ પહેલા જ બાળક પ્રભુનું પ્યારું થઈ ગયું

અભિનેતાના ખૂબ જ નજીકના સ્ત્રોતના કહેવા મુજબ એ બાળકના મૃત્યુ પછી એ અભિનેતા ધ્રુસકે ધ્રુસકે રડ્યા હતા. એ લોકોનું એવું પણ કહેવું હતું કે એ બાળકના મૃત્યુ પછી એ અભિનેતા જે રીતે ધ્રુસકે ધ્રુસકે રડ્યા એવી રીતે રડતાં તેમને ભાગ્યે જ જોયા છે.

એ બાળક અને અભિનેતા વચ્ચે કોઈ જ પ્રકારના સામાજીક કે લોહીનાં સંબંધો ન હતા. એ બાળક અને તેના કુટુંબની હાલત જોતાં કોઈ વ્યક્તિ એવી અપેક્ષા પણ ના રાખી શકે કે એક મોટા ગજાના અભિનેતા એ બાળક સાથે આ પ્રકારના સંબંધો વિકસાવે અને નિભાવે. અપેક્ષા તો શું, કોઈ એવી કલ્પના પણ ના કરી શકે.

આ કિસ્સામાં એવું શક્ય છે કે શરૂઆતમાં એ અભિનેતાને એ બાળક પ્રત્યે સહાનુભૂતિ જાગી હોય અને મળવા માટે સંમતિ આપી હોય. સામાન્ય આર્થિક પરિસ્થિતી ધરાવતા એ બાળકના કુટુંબ ઉપર દયાભવ રાખીને જયપુર-મુંબઈ આવવા જવાની અને રહેવાની વ્યવસ્થા કરી હોય. આવું બધું કરીને એક મુલાકાત થઈ ગઈ, બાળકની ઈચ્છા પૂરી થઈ ગઈ પણ પછી શું? પછી પણ સંબંધો કાયમ રહ્યા અને એ પણ લાંબા સમય સુધી. આવું તો જ શક્ય બને જો બન્ને વચ્ચેનો સંબંધોનો તાંતણો સાચો હોય અને એ તાંતણો મજબૂત રીતે બંધાઈ ગયો હોય.

સંબંધો એ કોઈ જ્ઞાતિ, જાતિ, વ્યક્તિની સાધન સંપન્નતા, ખ્યાતિ કે હોદ્દાના મોહતાજ નથી. હમઉમ્ર કે હમસફર સાથે જ સંબંધોના તાંતણા ગૂંથાઈ શકે એવું પણ જરૂરી નથી. કોઈપણ સમયે, કોઈપણ વ્યક્તિ સાથે એક વખત સંબંધોના તાંતણા બંધાઈ જાય પછી એ ગાંઠ આપમેળે મજબૂત બની જતી હોય છે. શરત માત્ર એટલી કે એ સંબંધો નિષ્પાપ અને નિઃસ્વાર્થ હોય.

બે વ્યક્તિના સંબંધો વિકસાવવા અને ટકાવવા માટે બન્ને વ્યક્તિનું વ્યક્તિત્વ મહત્વનો ભાગ ભજવતા હોય છે. બન્નેનું વ્યક્તિત્વ નિર્મળ હોય, સરળ હોય, આડંબર રહિત હોય તો એ સંબંધો પણ નિર્મળ પાણીના ઝરણાની જેમ વહેતા રહેતા હોય છે.

બે વ્યક્તિના સંબંધો વિકસાવવા અને ટકાવવા માટે અન્ય એક મહત્વનુ પરિબળ છે એકબીજા પ્રત્યે સંબંધો નિભાવવાની નિષ્ઠા. સંબંધોને આજીવન નિભાવવાની શુભનિષ્ઠા હોય તો એ સંબંધો વચ્ચે કોઈ જ પ્રકારની દીવાલો ઊભી થઈ શકે નહીં અને કદાચ એ બન્ને વચ્ચે કોઈ દીવાલ હોય તો પણ લાંબો સમય ટકી શકે નહીં. સંબંધોની શુભનિષ્ઠા સામે ગમે તેવી મજબૂત દીવાલો ધરાશાયી થઈ જતી હોય છે.

પેલા બાળક અને અભિનેતા વચ્ચેના સંબંધોમાં કદાચ આવું જ કોઈ શુભતત્વ હતું. એ બાળક હતો જયપૂરનો મુદીત ભાટિયા અને એ અભિનેતા એટલે ખિલાડી, પેડમેન, મંગળ મિશનનો કેસરી અક્ષય કુમાર.

# સડી રહેલી સભ્યતા અને ઈન્સાનને મહેકાવવાની ચિંતા



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

દિવસ ઉગે અને પ્રભાતે કર દર્શનમ્ સાથે પોતપોતાના ઈષ્ટ દેવ-દેવીનું સ્મરણ કરી માણસ વિશ્વ તરફ ઘરની બહાર નજર કરી સ્વયંની જીવન વ્યથામાં ગોઠવાઈ જાય છે એનાથી વિશેષ કંઈ અહેસાસ થતો નથી. જીવવા જેવી દુનિયા અને માણવા જેવી આ જિંદગી વિશેની સાચી સમજણ અને સંવેદના ધીમેથી લુપ્ત થઈ રહ્યા છે એ જ મોટી હાનિ છે જે કોઈને નજરે પડતી નથી. આજનો સૂર્યોદય એ બાકી રહેલા આયુષ્યનો પ્રથમ દિવસ છે. તેવી માનીને ઈશ્વરનો આભાર માનવાનો પણ કદી વિચાર આવતો નથી! જળ વાયુ પ્રદૂષણ, ભૌતિક પર્યાવરણની વિકૃતિ ઉપરાંત માનવીય અભિગમનું પ્રદૂષણ ભેગુ થતા હવે સ્થિતિ એ હદે ગઈ છે કે બધા જ લોકો યંત્રવત્ જીવન પ્રવાહમાં જવું અને રાત પડી એટલે સૂઈ જવું પણ આ બધામાં સ્વયંનું દિલ અને રાત પડી એટલે સૂઈ જવું પણ આ બધામાં સ્વયંનું દિલ દિમાગ કયાં કશું વ્યક્ત કરે છે? આજના જીવન વિશે સુંદર શેર છે.

'જીતનો મોહ નથી હારનો ડર નથી

હકીકત શું છે હકિકતમાં એ ખબર નથી.'

સવારનો મિજાજ હવે મનભાવન સુહામણો કે સુખદ રહ્યો નથી અથવા સાંજનું અલૌકિક સૌંદર્ય ગુમ થઈ ગયું છે આ માટે જીવનની અંદર વ્યાપી રહેલી શૂન્યતા કે રુક્ષતા માટે વિચાર કરવાની પણ સક્ષમતા પ્રતિદિન સમાજ ગુમાવી રહ્યો છે. ઝાલર વાગે ગૌધણ ગામમાં પરત આવતું હોય કૃષિકારો ખેતર કે વાડીએથી ગાડામાં નિરણ ભરીને ઘેરે પરત આવતા હોય ત્યારે ગામના રામજી મંદિરે આરતી થતી હોય અને શ્રીરામચંદ્ર કૃપાળુ ભજમન ગવાય ત્યારે હાજર રહેલા લોકોમાં એક દિવ્યતાની લહેરખી સ્પર્શ કરી જાય ઝાલર વગાડનારા જાણે દેવદૂતો હોય એવું દૃશ્ય ખડુ થઈ જતું !! સવાર સાંજ મંદિરે જવાનો એક વણલખ્યો સામાજિક નિયમ હતો એક સભ્યતા પ્રવર્તતી હતી જે હવે શોધવા જવું પડે તે હાલત છે. વિશ્વમાં લાગણીઓ થાકી ને જઈ રહી છે છતાં માણસો જીવવું પડે માટે જીવી રહ્યા છે

લફ્જો કી દહલીઝ પર ઘાયલ જૂબાન હૈ

કોઈ તન્હાઈ મેં તો કોઈ મહફિલ સે પરેશાન છે

વાસ્તવમાં કોઈ પણ રાષ્ટ્ર કે સમાજમાં ઈન્સાનિયતની એક આગવી ઓળખ અને મહેક હોય છે પરંતુ પરિવર્તનના આ યુગમાં માણસ લોકલ રહ્યો નને સિસ્ટમો ગ્લોબલ થઈ ગઈ એટલે સર્વત્ર મુંઝવણો પારાવાર છે. ઉપકરણો અત્યંત ઝડપી પરંતુ કામની શૈલી, વિચાર, માહોલ વગેરે શિથિલ રહ્યા અથવા તાલમેલ બેસાડવામાં ઢીલા પડ્યા એટલે સંતોષનું સત્ય પેદા થતું નથી. વિદ્યાર્થી હોય, નોકરિયાત હોય કે ઉદ્યોગપતિ હોય એ બધાં જ વર્ગના લોકો ગુલાબ જેમ કરમાઈ ને રંગ ગુમાવે તેમ મૌલિકતા ગુમાવી રહ્યા છે. અમલીકરણના મામલે સરકાર હાલમાં જેટલી ઉતાવળી છે એ પ્રકારનો માહોલ ભૂતકાળમાં કદી જોયો નથી. સ્કીમ બને ઝડપથી અને જેવી જાહેરાત થાય કે તરત જ અમલ એટલે અંતે પ્રજામાં અજંપો વ્યાપી જાય છે પછી સ્કીમનો મૂળ હેતુ ભલેને અતિ ઉમદા કેમ ના હોય ! ઘાંઘો થઈને દોડતો માનવી છેવટે અથડાઈ - ભટકાઈને ઘાયલ થઈ ને એક બાજુમાં બેસી જાય તેવી સ્થિતિ પ્રશાસનમાં જરાય ઉચિત લાગતી નથી. મૂળ ચિંતનનો મુદ્દો એ છે કે આજના વાતાવરણમાં માણસ સડતો જાય છે ઈન્સાનિયત કે સભ્યતાની સુગંધ તો રહી નથી ને ત્યાં બદબૂ આવવા લાગી છે તેમાં નવી મહેક ઉમેરવાની મથામણ કરવી એ જ ધર્મ કહી શકાય. કયારેક જીવન જીવવાની રીત અણમતી અપનાવી લઈને સત્યને રેઢુ મૂકી સમાધાન તરફ ઢસડાઈ જવું એ આજની શૈલી થઈ ગઈ છે. ગાંધીજી એ અહિંસા અને સત્યને જીવનમાં મહત્વના અંગ માન્યા હતા જેનું હાલ નિકંદન નિકળી ગયું છે!!

'મારા શહેરમાં ભગવાનની કમી નથી,

હું માનવી શોધવામાં ભૂલો પડ્યો છું.'

આસ્થાના સ્થાનો કે પ્રતિકો કે વિચારો તો ઝડપથી ઉપલબ્ધ થઈ શકે છે પરંતુ ઈન્સાનિયત રેડીમેઈડ કશેથી મળતી નથી કારણ કે એ જીવનના સત્વ તત્વની માટીમાંથી મળતી સુગંધ હોય છે. કડવી જીવન સચ્ચાઈ મરીઝ સાહેબના નીચેના શેરમાં વ્યક્ત થઈ રહી છે.

માટી દીધી મરીઝ બધાએ ઝૂકી ઝૂકી

જયારે મરી ગયો તો આ દુનિયા ઝૂકી મને.

પ્લુટો કહે છે કે આ સમગ્ર સૃષ્ટિ વિચારોની બનેલી છે !

સૃષ્ટિ બ્રહ્માંડનો એક અંશ છે અને એના અંશમાંથી માનવોના વંશ પંચમહાભૂત તત્વોથી શરૂ થઈ અંતે વિલય પણ પામે છે અર્થાત્ માણસ મર્યાદિત છે તેની ઈચ્છાશક્તિ અને કર્મોથી એ વિશ્વને ઉમદા બનાવી શકે છે એ કુદરતની જ કમાલ છે. તેમ છતાં સ્વાર્થી સમાજ પ્રતિદિન બીજા માટે ભલુ કરવાનું મદદ કરવાનું વલણ ત્યજી રહ્યો છે. તેથી જ સભ્યતામાંથી સુગંધ જતી રહી છે. નશીલા દ્રવ્યો શરાબ, શબાબમાં ડૂબતા લોકોને રોકી શકાય તો કદાચ માનવીય સભ્યતા ટકી સકશે આ કડવી હકીકત છે. વિચારો માટે પીયુસી કઢાવવાનું ખરું ? વિચારોના પ્રદૂષણો ખુબ વધ્યા છે તેથી વિહાર, વર્તન, વ્યવહાર, વાણી વગેરે દોષ જોયા કરે એ અંતે તેમા જઈ પડે છે.

યે કશ્મકશ હૈ
કિ જિંદગી કૈસે બસર કરે
પૈરો કો મોડ કર સોયે
યા ચાદર કો બડી કરે ?

આમ નાગરિકને જીવન જીવવા જેવું લાગતું નથી અને જીવવાનું ફરજિયાત છે ખર્ચા વધતા જાય અને ધર્મોનું પાલન જયારે કરે છે ત્યારે આનંદ ઊભો થઈ શકતો નથી. એની મુંઝવણ એક શૅરમાં આ રીતે વ્યક્ત થઈ છે.

કયા કહુ જિંદગી કે બારે મેં
ઈક તમાશા થા ઉમ્ર ભર દેખા.

જીવન આનંદની પ્યાસ માટે કૂવાઓની વ્યવસ્થા થઈ શકે તો તૃષા છિપી શકે બસ, ઈન્સાન માત્ર શૈતાનથી દૂર રહેતો થાય આતંકમાંથી અવિરત આનંદની જીવનયાત્રા ચાલે તે જરૂરી છે.

**શેર આસ્વાદ :**
**તારિફો કે પુલ કે નીચે**
**મતલબ કી નદી બહતી હૈ**